તાપમાન
મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૩૦ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૫૮ | ૨૯ નવેમ્બર, ૨૦૧૫, રવિવાર ; કારતક વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે રાજ્યમાં પાલિકા-પંચાયત માટે મતદાન



## ૨૩૦ તાલુકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૫૬ નગરપાલિકા માટે આજે મતદાન પાટીદાર આંદોલન બાદ ભાજપને લઈને પટેલોમાં નારાજગી વચ્ચે મતદાન યોજાશે : જિલ્લા-તાલુકા પંચાયતમાં ૨.૨૩ કરોડ મતદારોમાં જોરદાર ઉત્સાહ

અમદાવાદ,તા. ૨૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત છ કોર્પોરેશનની ચુંટણી પ્રથમ રાઉન્ડમાં યોજાઈ ગયા બાદ હવે બીજા રાઉન્ડમાં આવતીકાલે ૫૬ નગરપાલિકા, ૩૧ જિલ્લા અને ૨૩૦ તાલુકા પંચાયતની ચુંટણી માટે મતદાન યોજાનાર છે. આને લઈને પણ મતદારો ભારે ઉત્સુક દેખાઈ રહ્યા છે. મતદારોમાં પોતાના પસંદગીના ઉમેદવારને મત આપવાને લઈને જોરદાર ઉત્સુક્તા જોવા મળી રહી છે. આ વખતે ૩૧ જિલ્લા પંચાયત માટે ૯૮૦થી પણ વધુ ઉમેદવાર ચુંટણી મેદાનમાં છે. ૯૮૦થી વધુ બેઠક માટે કોંગ્રેસ અને ભાજપે તમામ જગ્યાઓએ મેદાનમાં પોતાના ઉમેદવારો ઉતાર્યા છે. ૩૧ અપક્ષ ઉમેદવારો પણ આ બન્ને પાર્ટીની ગણતરી બગાડવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. રાજ્ય ચુંટણી પંચ દ્વારા આપવામાં આવેલા સત્તાવાર આંકડા મુજબ ૫૬ નગરપાલિકાની ચુંટણી માટે ૧૯૪૫ ઉમેદવાર એકલા ભાજપના છે. જ્યારે કોંગ્રેસના ૧૮૦૧ ઉમેદવાર મેદાનમાં છે. ૪૬૮ અન્ય અને ૧૦૮૦ અપક્ષ ઉમેદવાર છે. ૨૭ ઉમેદવારને બિનહરિફ ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. બે હજારથી પણ વધુ બેઠક માટે ૪૭૦૦ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. જેમાં ૩૬.૫૯ લાખ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે સજ્જ દેખાઈ રહ્યા છે. આવી જ રીતે જિલ્લા પંચાયતની પણ સ્થિતિ છે. ૨૩૦ તાલુકા પંચાયતની ચુંટણીની વાત કરવામાં આવે તો ભાજપે ૭૭૧૬ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે કોંગ્રેસે ૪૬૯૭ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. ૬૫૭ અન્યો અને ૧૫૯૫ અપક્ષ ઉમેદવારો રહેલા છે. ૫૪ને બિનહરિફ ચુંટાયેલા જાહેર કરાયા છે. જિલ્લા અને તાલુકા પંચાયત બન્ને માટે મતદારોની સંખ્યા આશરે ૨.૨૩ કરોડ છે. જ્યારે મતદાન મથકોની સંખ્યા ૨૮૫૦૦ જેટલી છે. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા પહેલાથી જ ગોઠવી દેવાઈ છે. આ વખતની ચુંટણી મુખ્યમંત્રી આનંદીબેન પટેલ માટે ખૂબ જ પડકારરૂપ છે. ઉત્તરગુજરાતમાં પાટીદાર સમુદાયના મોટા ગઢમાં આનંદીબેન પટેલ રોડ શો યોજી ચુક્યા છે.

# શાંતિપૂર્ણ મતદાન માટે સઘન સુરક્ષા

## જુદા-જુદા પોલીસ અને અર્ધલશ્કરી દળોની ૧૯૩ કંપની તૈનાત : ગુજરાત પોલીસ, હોમગાર્ડના ૬૦ હજાર જવાન

અમદાવાદ, તા. ૨૮

૫૬ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૦ તાલુકા પંચાયતમાં યોજાનાર ચુંટણીને લઈને સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. કોઈપણ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પુરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જુદા-જુદા પોલીસ અને અર્ધલશ્કરી દળોની ૧૯૩ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાત પોલીસના ૬૦ હજારથી વધુ જવાનો તૈનાત કરવામાં આવનાર છે, જેમાં હોમગાર્ડના જવાનોનો સમાવેશ થાય છે. શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા માટે તમામ પગલા લેવામાં આવ્યા છે. રાજસ્થાન સાથેની સરહદોને સીલ કરી દેવામાં આવી છે. અર્ધલશ્કરી દળોની ૪૭ કંપનીઓ રહેશે. જ્યારે પડોશી રાજસ્થાનમાંથી પણ પોલીસ અને બોર્ડર વીંગની ટુકડીઓ બોલાવવામાં આવી છે. મહારાષ્ટ્ર પોલીસની ૧૦ કંપનીઓ બોલાવવામાં આવી છે. મધ્યપ્રદેશ પોલીસની ૫ કંપનીઓ બોલાવવામાં આવી છે. મતદાન સવારે ૮ વાગ્યાથી લઈને સાંજે ૫ વાગ્યા વચ્ચે યોજાશે. હવે મત ગણતરીની પ્રક્રિયા બીજી ડિસેમ્બરના દિવસે યોજાશે.અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગરમાં ૨૨મી નવેમ્બરના દિવસે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીમાં આશરે ૪૮ ટકા મતદાન થયું હતું. મતદાન યોજાયા બાદ હવે બીજી ડિસેમ્બરના દિવસે મત ગણતરી થશે. આ વખતની ચુંટણી મુખ્યમંત્રી આનંદીબેન પટેલ માટે ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણકે પાટીદાર સમાજના લોકો નાખુશ દેખાઈ રહ્યા છે. ઘણી જગ્યાએ ભાજપ તેના ગઢ ગુમાવી શકે છે.

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્ક્વેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

આ પળોની મજા માણવા માટે
તમે બહુ વાટ જોઈ છે.



હવે તમારી જિંદગીની મજા માણવાનું શરૂ કરો, આજથી જ!

એલઆઈસીની જીવન અક્ષય VI
ઈમિજિયેટ એન્યુઈટી પ્લાન
UIN-512N234V04 Plan No. 189

- પ્લાન: એકલ પ્રીમિયમનો ત્વરિત પેન્શન પ્લાન
- ઉંમર પાત્રતા: 30–85 વર્ષ
- વિભિન્ન વિકલ્પો: 10 પેન્શન વિકલ્પ પસંદગી માટે ઉપલબ્ધ છે
- પેન્શન ચુકવણીના વિકલ્પો: માસિક, ત્રિમાસિક, અર્ધવાર્ષિક કે વાર્ષિક માધ્યમ ઉપલબ્ધ

ઉદાહરણનો નમૂનો
ઉંમર–50, પેન્શનની ચુકવણીની રીત–વાર્ષિક

| ખરીદ કિંમત* | વિકલ્પ A | વિકલ્પ F | વિકલ્પ J |
|---|---|---|---|
| 50 લાખ | 4,28,750 | 3,71,750 | 3,68,250 |
| 1 કરોડ | 8,57,500 | 7,43,500 | 7,36,500 |
| 2 કરોડ | 17,15,000 | 14,87,000 | 14,73,000 |

*ઉપરાંત નિયમો અનુસાર સર્વિસ ટેક્સ

વિકલ્પ A: આજીવન પેન્શન રકમ
વિકલ્પ F: પેન્શન ખરીદ કિંમતની રકમ પરત કરવાની સાથે આજીવન ચૂકવવાપાત્ર
વિકલ્પ J: ખરીદ કિંમતની રકમ પરત કરવાની સાથે જીવનસાથીને 100% પેન્શનની રકમની જોગવાઈ સાથે આજીવન ચૂકવવાપાત્ર

તમારા એજન્ટ/શાખાનો સંપર્ક કરો અથવા અમારી વેબસાઇટની મુલાકાત લ્યો www.licindia.in
અથવા SMS કરો 'તમારા શહેરનું નામ', 56767474 (દા.ત. 'MUMBAI')
અમને અનુસરો: You Tube LIC India Forever

બોગસ ફોન કોલ્સ અને ખોટી/છેતરામણી ઓફરોથી સાવધાન રહો. આઈઆરડીએઆઈ જનતાને સ્પષ્ટતા કરે છે કે • આઈઆરડીએઆઈ કે તેના અધિકારીઓ વીમો કે નાણાકીય યોજનાઓના કોઈ પ્રકારનું વેચાણ જેવી પ્રવૃત્તિઓમાં સંકળાયેલા નથી અને પ્રીમિયમનું રોકાણ કરતા નથી • આઈઆરડીએઆઈ કોઈપણ બોનસ જાહેર કરતી નથી. જાહેર જનતાને જો આવા છેતરામણા ફોન કોલ્સ આવે તો ફોન કોલ નંબરની વિગતો સાથે પોલિસ ફરિયાદ નોંધાવવાની વિનંતી છે

વીમો આગ્રહની વિષય-વસ્તુ છે. વેચાણ સમાપન પહેલાં કૃપયા જોખમનાં ઘટકો, નિયમો અને શરતોની વિસ્તૃત માહિતી માટે વેચાણ સંબંધી પુસ્તિકા ધ્યાનપૂર્વક વાંચો. IRDAI Regn. No. 512

LIC
લાઈફ ઈન્શ્યૉરન્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયા
LIFE INSURANCE CORPORATION OF INDIA
જિંદગી સાથે પણ, જિંદગી પછી પણ.
LIC/05/15-16/29/GUJ

aashka
MULTISPECIALITY HOSPITAL
ગાંધીનગરની સૌથી મોટી મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
N.I.D. અને Dhirubhai Ambani IICT કેમ્પસની પાસે, મહાત્મા મંદિર થી ગિફ્ટ સીટી રોડ, ગાંધીનગર.
www.aashkahospitals.in તાત્કાલિક સારવાર માટે : ૭૫૭૫૦૦૭૭૦૭, ૯૮૭૯૭૫૨૭૭૭
પ્રતિષ્ઠિત અને અનુભવી સુપરસ્પેશ્યાલીસ્ટ ડૉક્ટર્સની સેવાઓ હવે ગાંધીનગરમાં પણ ઉપલબ્ધ



ડૉ. હરજીત ડુમરા
M.D. (Medicine), Gold Medalist
પલ્મોનોલોજીસ્ટ
ઓ.પી.ડી. ૯ થી ૧૦ (શુક્રવાર)

ડૉ. રવિ ખેતાન
DNB Neurosurgery
ન્યુરોસર્જન
ઓ.પી.ડી. ૧૧ થી ૧૨ (સોમવાર)

ડૉ. સૌરીન દલાલ
M.D. DNB Nephrology
નેફ્રોલોજીસ્ટ
ઓ.પી.ડી. ૧૨ થી ૨ (મંગળવાર)

ડૉ. સિધ્ધાર્થ શાહ
M.B.B.S., M.S. (E.N.T.)
હેડ એન્ડ નેક ઑંકો સર્જન
ઓ.પી.ડી. ૩ થી ૪ (મંગળવાર)



ડૉ. કેયુર ભાલાવત
M.S. Mch (Pediatric Surgery)
પિડિયાટ્રિક સર્જન
ઓ.પી.ડી. ૫ થી ૬ (શુક્રવાર)

ડૉ. દેવસી વિસાના
MD, DM (Neurology)
ન્યુરોલોજીસ્ટ
ઓ.પી.ડી. ૪ થી ૬ (મંગળ અને શનિ)

ડૉ. કીર્તિ પ્રજાપતિ
M.B., M.S., M.Ch.
પિડિયાટ્રીક યુરોલોજીસ્ટ/સર્જન
ઓ.પી.ડી. ૪ થી ૫ (બુધવાર)

ડૉ. સુવિધ તુરખીયા
M.S., DNB, Neurosurgery
ન્યુરોસર્જન
ઓ.પી.ડી. ૧૦ થી ૧૧ (શનિવાર)

❖ ગાંધીનગરની અદ્યતન સુવિધા ધરાવતી ૧૫૦ બેડની મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ
❖ કલાસ ૧૦૦ મોડ્યુલર ઓપરેશન થીયેટર્સ
❖ અદ્યતન સાધનોથી સજ્જ આઈ.સી.યુ./એન.આઈ.સી.યુ./પી.આઈ.સી.યુ.
❖ ૨૪ x ૭ ઈમરજન્સી તથા ટ્રોમા સેન્ટર
❖ ૨૪ x ૭ આઈ.સી.યુ. ઓન વ્હીલ્સ (એમ્બ્યુલન્સ સેવા)
❖ ડાયગ્નોસ્ટીક સેન્ટર :-
● સીટી સ્કેન
● મેમોગ્રાફી
● હાઈ ફ્રીકવન્સી એક્સ-રે
● સોનોગ્રાફી
● ૨૪ x ૭ પેથોલોજી લેબ
❖ ૨૪ x ૭ ફાર્મસી
INITIATOR PYRAMID